ગુજરાત-મહારાષ્ટ્રનાં 20 સ્થળ સહિત

# સુરતમાં દાઉદના નજીકના સલીમ ડોલા કેસમાં ઈડીના દરોડા

**આંતરરાષ્ટ્રીય** ડ્રગ્સ સિન્ડિકેટ અને મની લોન્ડરિંગમાં મુંબઈ સહિત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટમાં સર્ચ ઓપરેશન

**ડી ગેંગનો** ડ્રગ્સનો કારોબાર ચલાવનાર સલીમ ડોલાનું સુરતના ગોરાટમાં ઘર છે, ઉપરાંત અમદાવાદ, મુંબઈનાં ઘરોમાં પણ તપાસ

ગાંધીનગરઃ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સિન્ડિકેટ અને મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મંગળવારે ગુજરાત અને મહારાષ્ટ્રમાં એકસાથે મોટા પાયે દરોડા પાડ્યા હતા. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના નજીકના સાથી અને આંતરરાષ્ટ્રીય ડ્રગ તસ્કર મોહમ્મદ સલીમ ડોલાના નેટવર્ક સામે ચાલી રહેલી તપાસના ભાગરૂપે મુંબઈ સહિત ગુજરાતના સુરત, અંકલેશ્વર અને રાજકોટમાં અંદાજે 20 સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. ડી ગેંગનો ડ્રગ્સનો કારોબાર ચલાવનાર સલીમ ડોલા અમદાવાદ, સુરત, મુંબઈમાં ઘરો ધરાવે છે. સુરતના અડાજણ વિસ્તારમાં ન્યૂ રાંદેર - ગોરાટરોડ જીમખાના નજીક લક્ઝુરિયસ એપાર્ટમેન્ટમાં સલીમ ડોલાનો ફ્લેટ આવ્યો છે. અંધારી આલમના ડોન દાઉદ ઈબ્રાહિમના અત્યંત નજીકના અને ખાસ સાથીદાર મુન્નાના પણ તે સંપર્કમાં હતો.

ઈડી દ્વારા પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધાયેલા કેસમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, સલીમ ડોલા પર આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરીનું વિશાળ નેટવર્ક ચલાવવાનો આરોપ છે. તાજેતરમાં જ ભારત સરકારે તેને તુર્કિયેથી પ્રત્યાર્પણ કરીને મુંબઈમાં લાવવામાં આવ્યો છે. તપાસ અનુસાર, સલીમ ડોલા અને તેના સાથીદારો દ્વારા સંચાલિત ડ્રગ્સ સિન્ડિકેટ અનેક દેશોમાં ફેલાયેલું હતું અને હજારો કરોડ રૂપિયાના ગેરકાયદે માદક પદાર્થોના કારોબાર સાથે સંકળાયેલું હોવાનું માનવામાં આવે છે. ખાસ કરીને મેફેડ્રોન જેવા સિન્થેટિક ડ્રગ્સના ઉત્પાદન અને વિતરણમાં આ નેટવર્કની મહત્ત્વની ભૂમિકા હોવાનું સામે આવ્યું છે.

ઈડીની તપાસનું મુખ્ય ફોકસ ડ્રગ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા પ્રીકર્સર કેમિકલ્સના સપ્લાયર્સ, કેમિકલ વેપારીઓ, મેફેડ્રોન ઉત્પાદકો, ડ્રગ્સ વિતરકો તેમજ હવાલા ઓપરેટરો પર છે. આ ઉપરાંત બેનામી મિલકતો અને ગેરકાયદે કમાણીના રોકાણના સ્ત્રોતોની પણ તપાસ કરવામાં આવી રહી છે. તપાસ દરમિયાન મળેલી માહિતી મુજબ, આ સંગઠિત ગુનાહિત નેટવર્ક કેમિકલ્સની ખરીદીથી લઈને ગુપ્ત લેબોરેટરીઓમાં મેફેડ્રોનનું ઉત્પાદન, રાજ્યો વચ્ચે ડ્રગ્સની સપ્લાય અને વિદેશોમાં તસ્કરી જેવી પ્રવૃત્તિઓમાં સામેલ હતું. ડ્રગ્સના ધંધામાંથી મેળવાયેલી રકમ હવાલા ચેનલ મારફતે દેશ-વિદેશમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી અને ત્યારબાદ વિવિધ વ્યક્તિઓના નામે ચલ-અચલ તથા બેનામી મિલકતો ખરીદવામાં આવતી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ, ઈડીની ટીમ કેમિકલ ફેક્ટરીઓ, એકાઉન્ટન્ટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (CA) અને અન્ય નાણાકીય સલાહકારોની ભૂમિકાની પણ તપાસ કરી રહી છે. દરોડા દરમિયાન નાણાકીય દસ્તાવેજો, બેંક રેકોર્ડ, ડિજિટલ ડેટા અને અન્ય મહત્ત્વના પુરાવા જપ્ત કરવામાં આવ્યા છે. તપાસ એજન્સીઓ હવે હવાલા મારફતે વિદેશ મોકલાયેલી રકમનો ઉપયોગ ક્યાં કરવામાં આવ્યો, ડ્રગ્સ નેટવર્કના આંતરરાષ્ટ્રીય સંપર્કો કોણ છે અને તેમાં અન્ય કયા લોકો સંકળાયેલા છે તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ આગળ ધપાવી રહી છે.

## ગાંધીનગરના નાના ચિલોડા પાસેથી 14.16 કરોડનું MD ડ્રગ્સ ઝડપાયું

અમદાવાદઃ ગાંધીનગર નજીક નાના ચિલોડા સર્કલ નજીકથી અંદાજે 14.16 કરોડની કિંમતનું 7 કિલોથી વધુ મેથામ્ફેટામાઈન (MD) ડ્રગ્સ ઝડપી પાડીને મુંબઈના એક શખ્સની પોલીસે ધરપકડ કરી છે. આ અંગે મળતી માહિતી મુજબ નરોડા પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે નાના ચિલોડા ગરનાળા પાસે વોચ ગોઠવતા ત્યાંથી પસાર થતાં શંકાસ્પદ વ્યક્તિને રોકી તેની તપાસ લેવામાં આવતા તેની પાસે રહેલી ટ્રાવેલ બેગમાંથી બિસ્કિટના પાંચ મોટા બોક્સ મળી આવ્યા હતા.આ બોક્સની તપાસ કરતા તેમાં ખાદ્ય સામગ્રીના બદલે મેથામ્ફેટામાઈન ડ્રગ્સનો પાવડર અને ટુકડાઓ છુપાવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ યુવકનું નામ મહોમદસાજીદ શેખ મુંબઈનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતુ. પોલીસની પ્રાથમિક તપાસમાં નાઈજીરિયાના 'ક્યુબેન' નામના વ્યક્તિના સંપર્કમાં આવ્યા બાદ તેને મુંબઈથી રાજસ્થાનના જયપુર સ્થિત સિંધી કેમ્પ બસ સ્ટેશન મોકલવામાં આવ્યો હતો. ત્યાં એક અજાણ્યા શખસે તેને ડ્રગ્સ ભરેલી ટ્રાવેલ બેગ સોંપી હતી. આ જથ્થો લઈને તે અમદાવાદ મારફતે મુંબઈ પહોંચાડી સપ્લાય કરવાનો હતો, જેના બદલામાં તેને માત્ર રૂ. 10,000 મળવાના હતા. નરોડા પોલીસે આરોપી પાસેથી કુલ 7,084 ગ્રામ મેથામ્ફેટામાઈન ડ્રગ્સ જપ્ત કર્યું હતુ.

## ત્રણ દિવસ પહેલાં રોજીરોટી માટે બિહારથી આવેલા યુવકે ફાંસો ખાધો

સુરતઃ ત્રણ દિવસ પહેલાં રોજીરોટી માટે બિહારથી સુરત આવેલા યુવકે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના જહનાબાદના વતની જીતેન્દ્રકુમાર સુનિલ મિસ્ત્રી (ઉં.વ.19) હાલમાં ડિંડોલી નવાગામમાં આવેલા ગણપત ધામ સોસાયટી વિભાગ-1માં બનેવી સાથે રહેતો હતો અને ફર્નિચરનું કામ કરતો હતો. જીતેન્દ્રકુમાર ત્રણ દિવસ પહેલાં જ વતનથી સુરતમાં રોજીરોટી માટે આવ્યો હતો. કાલે રાત્રે જીતેન્દ્રકુમારે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુરતમાં આત્મહત્યાના કિસ્સાઓ ગંભીર રીતે વધી રહ્યા છે. હવે રોજીરોટી માટે સુરત સ્થાયી થયેલા યુવાનો પણ આત્મહત્યા કરી લે છે.

# ગુજરાતમાં પાંચ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત રહેશે

**50-60** કિમીની ઝડપે પવન ફુંકાવાની આગાહી

**ઉત્તર** ગુજરાત-કચ્છ માટે ઓરેન્જ એલર્ટ

### આજે રાજ્યભરમાં વરસાદની શક્યતા

3 જૂને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના લગભગ તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અને ગાજવીજની આગાહી કરવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં વરસાદી માહોલ રહેવાની ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક જિલ્લાઓમાં પણ છૂટાછવાયા વરસાદની આગાહી છે.

અમદાવાદઃ રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી જોર પકડી રહી છે. છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાતના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો, જ્યારે આગામી પાંચ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

3 અને 4 જૂને ઉત્તર ગુજરાત તથા કચ્છના કેટલાક જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 50થી 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે ગાજવીજ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વરસાદની સાથે સાથે રાજ્યના અનેક શહેરોમાં હજુ પણ ગરમીનો પ્રકોપ યથાવત છે. સુરેન્દ્રનગર, અમદાવાદ અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

વડોદરા અને રાજકોટમાં 40 ડિગ્રી, અમરેલીમાં 40 ડિગ્રી, ગાંધીનગરમાં 39 ડિગ્રી, ડીસામાં 39 ડિગ્રી, ભાવનગર અને ભૂજમાં 38 ડિગ્રી તેમજ સુરત અને દમણમાં 36 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

# ભારત અને મ્યાનમાર વચ્ચે સહયોગનો નવો તબક્કો શરૂ થયો છે



ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

ભારતના પડોશી મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઈંગ ભારતની મુલાકાતે આવ્યા તેના કારણે ચીનના પેટમાં તેલ રેડાયું છે. રાષ્ટ્રપતિ બન્યા પછી તેમની પ્રથમ વિદેશ મુલાકાત માટે ભારતની પસંદગી કરીને મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઈંગે સ્પષ્ટપણે ચીનના વધતા પ્રભાવને સંતુલિત કરવા માટે નવી દિલ્હી સાથેના સંબંધોને પ્રાથમિકતા આપવાની તેમની ઇચ્છા દર્શાવી છે. હ્લેઈંગે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સ્પષ્ટ ખાતરી આપી છે કે મ્યાનમારની જમીનનો ઉપયોગ ભારતવિરોધી પ્રવૃત્તિઓ માટે થવા દેવામાં આવશે નહીં. આ સંદેશ ફક્ત ચીન પર જ નહીં પરંતુ મ્યાનમારમાં કાર્યરત સશસ્ત્ર જૂથો માટે પણ હતો, જેઓ લાંબા સમયથી ભારતનાં ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ વાટાઘાટો દ્વારા ભારતે મ્યાનમારમાં ચીનના વધતા પ્રભાવને પડકાર્યો છે અને દર્શાવ્યું છે કે નવી દિલ્હી હવે પ્રાદેશિક સુરક્ષા, સરહદ વ્યવસ્થાપન અને વ્યૂહાત્મક ભાગીદારીના મામલામાં વધુ આક્રમક ભૂમિકા ભજવી રહ્યું છે.

મ્યાનમારના બળવાખોર નેતા મીન આંગ હ્લેઈંગ સંસદીય ચૂંટણી જીતીને દેશના રાષ્ટ્રપતિ બન્યા હતા, જેનાથી યુદ્ધગ્રસ્ત દેશમાં તેમની રાજકીય પકડ ઔપચારિક રીતે મજબૂત થઈ છે. ચૂંટાયેલી સરકારને હાંકી કાઢ્યાના પાંચ વર્ષ પછી આ પગલું લેવામાં આવ્યું હતું. દેશની લશ્કરી સમર્થિત સંસદમાં કાયદા ઘડનારાઓ દ્વારા પડેલા ૫૮૪ મતોમાંથી ૪૨૯ મતો જીતીને વરિષ્ઠ જનરલ મીન આંગ હ્લેઈંગ વિજયી બન્યા હતા. ૬૯ વર્ષીય જનરલ મીન આંગ હ્લેઈંગે ૨૦૨૧ના મ્યાનમાર બળવામાં આંગ સાન સુ કીની સરકારને હાંકી કાઢી હતી અને તેને નજરકેદમાં રાખી હતી. આ પગલાંથી વ્યાપક વિરોધ પ્રદર્શનો થયાં હતાં, જે પાછળથી લશ્કરી નેતૃત્વ સામે રાષ્ટ્રવ્યાપી સશસ્ત્ર પ્રતિકારમાં પરિણમ્યાં હતાં. ટીકાકારોએ મ્યાનમારની ચૂંટણીઓને એક બનાવટ ગણાવી હતી, જેનો હેતુ લોકશાહીની આડમાં લશ્કરી શાસન જાળવી રાખવાનો હતો.વિશ્લેષકો કહે છે કે આ મુલાકાત ભારત માટે મ્યાનમારમાં ચીનના પ્રભાવને ઘટાડવાની તક છે. ભારત આ મુલાકાતનો ઉપયોગ દેશના મહત્ત્વપૂર્ણ દુર્લભ પૃથ્વી ખનિજ ભંડારો સુધી પહોંચ મેળવવા અને તેની ઉત્તર-પૂર્વીય સરહદો પર સુરક્ષા મજબૂત કરવા માટે પણ કરી શકે છે. ભારત મ્યાનમારનો મુખ્ય પાડોશી છે, પરંતુ ચીને મ્યાનમારમાં ઝડપથી પોતાનો પ્રભાવ વધાર્યો છે. તેથી નિષ્ણાતો માત્ર હ્લેઈંગની ભારત મુલાકાતનાં પરિણામ પર જ નહીં પરંતુ ચીન પ્રત્યેના તેમના વલણ પર પણ નજીકથી નજર રાખી રહ્યા છે. ભારતની મુલાકાત પછી હ્લેઈંગ ટૂંક સમયમાં શી જિનપિંગ સાથે મુલાકાત કરવા માટે બેઇજિંગ જઇ શકે છે. મ્યાનમારમાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત ગૌતમ મુખોપાધ્યાય કહે છે કે ચૂંટણી પછી હ્લેઈંગ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેમની વિશ્વસનીયતા વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. મુખોપાધ્યાય કહે છે કે ભારત અને ચીન સાથે મ્યાનમારના વર્તનનો એક ભાગ રહ્યો છે કે ચીન સામે ઝૂકવું અને ભારત સાથે સંતુલન બનાવવાનો પ્રયાસ કરવો. ચીન લાંબા સમયથી મ્યાનમારને ટેકો આપી રહ્યું છે અને ત્યાં અસંખ્ય રોકાણો ધરાવે છે.

રાષ્ટ્રપતિ તરીકે નાગરિક દરજ્જો સંભાળ્યા પછી મીન આંગ હ્લેઈંગ સમગ્ર ક્ષેત્રમાં રાજદ્વારી જોડાણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ મ્યાનમાર અને આસિયાન વચ્ચેના સંબંધો સામાન્ય થવાની આશા રાખે છે. મિન આંગ હ્લેઈંગની ભારત મુલાકાત એવા સમયે આવી છે કે જ્યારે મ્યાનમારના આરાકાન સૈન્યે સરહદી ક્ષેત્રમાં ફરી હુમલાઓ શરૂ કર્યા છે, જે ભારત અને થાઇલેન્ડ વચ્ચે દુર્લભ પૃથ્વીના ભંડાર અને મહત્ત્વપૂર્ણ વેપાર માર્ગોનું ઘર છે. મિન આંગ હ્લેઈંગ આ લડાયક જૂથો સામે ભારતની મદદ માંગી શકે છે. ભારત પોતાના માટે મ્યાનમારના દુર્લભ પૃથ્વી ખનિજોનાં સંસાધનોને પ્રાપ્ત કરવાના માર્ગો શોધવામાં રસ ધરાવે છે.

મ્યાનમાર દુર્લભ પૃથ્વી સંસાધનોથી સમૃદ્ધ છે અને ભારત આ ક્ષેત્રમાં ભાગીદારી દ્વારા તેની સપ્લાય ચેઇનને વધુ સુરક્ષિત અને વૈવિધ્યસભર બનાવવા માંગે છે. વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ વાટાઘાટો પછી જણાવ્યું હતું કે બંને દેશોએ મહત્ત્વપૂર્ણ ખનિજો અને દુર્લભ પૃથ્વીમાં સહયોગ પર ગંભીર ચર્ચા કરી છે. આજના કાળમાં આ ક્ષેત્ર વૈશ્વિક રાજકારણ અને આર્થિક સ્પર્ધાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બની ગયું છે, કારણ કે આ ખનિજો આધુનિક ટેકનોલોજી, સંરક્ષણ સાધનો, ઊર્જા સંક્રમણ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત લાંબા સમયથી આ સંસાધનો માટે ચીન પરની તેની નિર્ભરતા ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેથી મ્યાનમાર સાથે સહયોગ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

વાટાઘાટોમાં ચર્ચા કરાયેલા સૌથી મહત્ત્વપૂર્ણ વિષયોમાં સુરક્ષા સહયોગ હતો. મ્યાનમારના રાષ્ટ્રપતિએ ભારતને ખાતરી આપી હતી કે તેમના પ્રદેશનો ઉપયોગ ભારતવિરોધી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે નહીં. આ ખાતરી મહત્ત્વપૂર્ણ છે કારણ કે ભારત અને મ્યાનમાર લગભગ ૧,૬૪૦ કિલોમીટરની સરહદ ધરાવે છે, જે સંવેદનશીલ ઉત્તર-પૂર્વીય રાજ્યો અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર અને મિઝોરમને જોડે છે. તાજેતરનાં વર્ષોમાં, મ્યાનમારમાં સશસ્ત્ર જૂથોની પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર દાણચોરી અને સરહદ પારથી ઘૂસણખોરીએ ભારતની સુરક્ષા ચિંતાઓ વધારી છે. વિદેશ સચિવે નોંધ્યું કે મ્યાનમારના સૈનિકોને યુએન શાંતિ રક્ષા કામગીરી માટે પણ તાલીમ આપવામાં આવે છે. આ સંવાદનું એક મહત્ત્વપૂર્ણ પાસું ચીનના વધતા પ્રભાવની પૃષ્ઠભૂમિ છે. ચીન દક્ષિણ-પૂર્વ એશિયામાં સતત પોતાનો આર્થિક અને વ્યૂહાત્મક પ્રભાવ વધારી રહ્યું છે. ચીન મ્યાનમારમાં મોટા રોકાણ પ્રોજેક્ટો આગળ ધપાવી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત મ્યાનમાર સાથેના સંબંધોને મજબૂત બનાવીને પ્રાદેશિક સંતુલન જાળવવા માંગે છે.

ભારત માટે મ્યાનમાર માત્ર એક પડોશી દેશ નથી પણ ઉત્તરપૂર્વ ભારતને દક્ષિણપૂર્વ એશિયા સાથે જોડતું એક વ્યૂહાત્મક પ્રવેશદ્વાર પણ છે. વડા પ્રધાન મોદીએ મ્યાનમારમાં શાંતિ, સ્થિરતા અને સમાવિષ્ટ સંવાદ માટે પણ સમર્થન વ્યક્ત કર્યું છે. આ સૂચવે છે કે ભારત મ્યાનમારમાં સ્થિર રાજકીય વ્યવસ્થા અને લાંબા ગાળાની શાંતિને પ્રાદેશિક સ્થિરતા માટે આવશ્યક માને છે. ભારતની મુલાકાત દરમિયાન મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મીન આંગ હ્લેઈંગે વિદેશ મંત્રી એસ. જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે મહત્ત્વપૂર્ણ બેઠકો કરી હતી. આ બેઠકોમાં સરહદ સુરક્ષા, પૂર્વોત્તર ક્ષેત્રમાં સક્રિય આતંકવાદી જૂથોની પ્રવૃત્તિઓ, ગેરકાયદેસર શસ્ત્રો અને ડ્રગ્સની હેરફેર, દરિયાઈ સુરક્ષા અને પ્રાદેશિક સ્થિરતા જેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો. અજિત ડોભાલ સાથેની વાતચીત દરમિયાન, વ્યૂહાત્મક સહયોગ, ગુપ્તચર સંકલન અને સરહદ પાર આતંકવાદી નેટવર્ક પર દેખરેખ રાખવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. વિદેશ મંત્રી એસ. જયશંકર સાથેની મુલાકાતમાં વેપાર, કનેક્ટિવિટી ઊર્જા સહયોગ અને ઉત્તરપૂર્વ ભારતને દક્ષિણપૂર્વ એશિયા સાથે જોડવાની યોજનાઓને ઝડપી બનાવવા માટે એક કરાર થયો હતો. મ્યાનમારના રાષ્ટ્રપતિની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે સમગ્ર પ્રદેશ ભૂ-રાજકીય સ્પર્ધા, પુરવઠા શૃંખલા કટોકટી અને સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યો છે. આ મુલાકાતથી સ્પષ્ટ થયું છે કે ભારત અને મ્યાનમાર પરંપરાગત પડોશી સંબંધોથી આગળ વધીને તેમના સંબંધોને એક વ્યૂહાત્મક ભાગીદારીમાં પરિવર્તિત કરવાનો ઇરાદો ધરાવે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભારત આ મુલાકાતનો ઉપયોગ દેશના મહત્ત્વપૂર્ણ દુર્લભ પૃથ્વી ખનિજ ભંડારો સુધી પહોંચ મેળવવા અને તેની ઉત્તર-પૂર્વીય સરહદો પર સુરક્ષા મજબૂત કરવા માટે પણ કરી શકે છે**

# BUSINESS મિત્ર

**છેલ્લા ત્રણ દિવસમાં આઇટી શેરોમાં 7.5 ટકાથી વધુની તેજી, સેન્સેક્સ 74,600ને પાર, સ્મોલકેપ-મિડકેપ પણ સુધર્યા**

# ચાર દિવસના ઘટાડાને બ્રેક, નિફ્ટી 23450ની ઉપર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: ભારતીય શેરબજારમાં ગેપડાઉન ખુલ્યા હતા, પણ દર વખતની જેમ આ વખતે પણ સુધારા સાથે બંધ રહ્યા હતા અને ચાર દિવસના ઘટાડાને બ્રેક વાગી હતી અને છેલ્લે સુધારા સાથે બંધ રહ્યા હતા. ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક સેશનથી લાલ નિશાનમાં ખુલે તો પોઝિટિવ બંધ રહે છે અને પોઝિટિવ ખુલે છે તો લાલ નિશાનમાં બંધ રહે છે. આજે નિફ્ટીમાં વીકલી એક્સપાયરી હતી અને મીડ સેશન બાદ શોર્ટ કવરીંગ જોવા મળ્યું હતું, પણ ઉપલા સ્તરેથી થોડીક નફાવસુલી રહી હતી.

ખાસ કરીને ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થયો હતો, જેના લીધે શેરબજારને બુસ્ટ મળ્યું હતું. ઈરાન-અમેરિકા વચ્ચેના યુદ્ધ વિરામ સમાપ્ત થઈ ગયું હતું, પણ હજુય સમાધાનની શક્યતા અટકી નથી. ખાસ કરીને આઈટી શેરોમાં સતત ઉછાળો જોવા મળી રહ્યો છે, આજે પણ આઈટી ઈન્ડેક્સ ચાર ટકાથી વધુ ઉછળ્યો હતો, જે છેલ્લા ત્રણ સેશનમાં 7.5 ટકાથી વધુ ઉછળ્યો હતો. જેના લીધે નિફ્ટી 23450 પોઈન્ટના સ્તરી ઉપર બંધ રહી હતી.

સેકટર વાઈઝ જોઈએ આઈટી, કન્ઝયુમર ડયુરેબલ્સ અને એફએમસીજી શેરો સુધર્યા હતા, જ્યારે ફાર્મા, ફાઈનાન્સીયલ સર્વિસીસ અને હેલ્થકેર લાલ રંગમાં બંધ રહ્યા હતા.

બીએસઈ સેન્સેક્સ 382.50 પોઈન્ટ એટલે કે 0.52 ટકા વધીને 74649.84 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74862 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73815 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 100.95 પોઈન્ટ એટલે કે 0.43 ટકા વધીને 23400 પોઈન્ટની સપાટી કુદાવીને 23483.55 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23556 પોઈન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચામાં 23229 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 71.55 પોઈન્ટ એટલે કે 0.3 ટકા વધઈને 53714.65 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે યુટીઆઈ એએમસીમાં 40.52 ગણા, મહાનગર ગેસમાં 15.95 ગણા, ઝેન્સર ટેકનોમાં 15.25 ગણા, બજાજ ફાઈનાન્સમાં 12.26 ગણા અને સોનાટા સોફ્ટવેરમાં 11.48 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ન્યુજન સોફ્ટવેરમાં 41.35 ગણા, સોનાટા સોફ્ટવેરમાં 29.51 ગણા, બિરલા સોફ્ટમાં 13.4 ગણા, ઝેન્સર ટેકનો 11.63 ગણા અને કોન્કોર્ડ બાયોટેકમાં 8.24 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.33 ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.50 ટકા સુધારો જોવાયો હતો.

જેના લીધે માર્કેટ બ્રેડથ નેગેટિવ જોવાયા હતા. બીએસઈ ખાતે 2295 શેરો વધ્યા હતા, જ્યારે 1905 શેરો ઘટ્યા હતા અને 190 શેરો યથાવત રહ્યા હતા.

આઈટી શેરોમાં જબરજસ્ત ઉછાળો જોવાયો હતો. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 4.23 ટકા વધ્યા હતા. જે છેલ્લા ત્રણ દિવસમાં 7.64 ટક વધ્યા હતા. જેમાં ટીસીએસ, ઈન્પોસીસ, એચસીએલ ટેકનો, કોફોર્જ, એલટીએમ, એમફાસીસ, ટેક મહિન્દ્રા, વિપ્રો, ઓકેરકલ ફા સર્વિસીસ સોફ્ટવેર અને પરસીસ્ટન્ટ સીસ્ટમમાં સુધારો જોવાયો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારો જોવાયો હતો, જ્યારે ક્રુડના ભાવમાં ઘટાડો થયો હતો કેમ કે રોકાણકારોએ મીડલ ઈસ્ટમાં દુશ્મનાવટનો અંત લાવવાના સંભવિત કરારની આસપાસની અનિસ્ચતતાનું મુલ્યાંકન કર્યુ હતું. એશિયન બજારો પણ પોઝિટિવ બંધ રહ્યા હતા.

વોલસ્ટ્રીટ પોઝિટિવ રહ્યા હોવાથી તેની અસર વૈશ્વિક બજારો પર જોવાઈ હતી. યુએસ બજારો નવી રેકોર્ડ ઉંચી સપાટીએ પહોંચ્યા હતા, જે તકનીકી શેરોની આસપાસના આશાવાદ અને એઆઈ સેકટરમાં સતત મજબૂતીની અપેક્ષાઓ દ્વારા સમર્થિત છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.07 ટકા, કેક 0.54 ટકા અને ડેક્સ 0.43 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 030 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. સ્ટ્રેઈટસ 1.17 ટકા, હેંગસેંગ 2.46 ટકા, તાઈવાન 0.48 ટકા, કોસ્પી 0.15 ટકા, જકાર્તા 1.10 ટકા અને શાંઘાઈ 0.43 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો પાછો તૂટયો, 27 પૈસા ઘટ્યો

કરન્સી બજારમાં રૂપિયો ઘટ્યો હતો અને ડોલરમાં પ્રત્યાઘાતી સુધારો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 27 પૈસા ઘટીને 95.27ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.77, પાઉન્ડ 128.74, કેનેડિયન ડોલર 69.03, ઓસ્ટ્રેલિયન ડોલર 68.59, જાપાનીઝ યેન 0.5963 અને સીંગાપોર ડોલર 74.42ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.27 રૂ. |
| યુરો | 110.77 રૂ. |
| પાઉન્ડ | 128.74 રૂ. |
| યેન | 0.5963 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 382.50 | 74649.84 |
| નિફ્ટી | 100.95 | 23483.55 |
| બેન્ક નિફ્ટી | 71.55 | 53714.65 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 6.51 | 2446.90 |
| ઇન્ફોસીસ | 5.68 | 1270.80 |
| એચસીએલ ટેકનો | 4.05 | 1243.50 |
| અદાણી એન્ટર | 2.02 | 2968.10 |
| ટેક મહિન્દ્રા | 1.83 | 1571.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.98 | 367.40 |
| એક્સીસ બેન્ક | 1.94 | 1251.10 |
| પાવરગ્રીડ | 1.40 | 282.15 |
| ડો. રેડ્ડીઝ લેબ | 1.27 | 1274.00 |
| એચડીએફસી લાઇફ | 1.13 | 579.90 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 6.53 | 2448.10 |
| ઇન્ફોસીસ | 5.66 | 1270.75 |
| એચસીએલ ટેકનો | 4.08 | 1243.75 |
| અદાણી પોર્ટસ | 1.84 | 1816.00 |
| ટેક મહિન્દ્રા | 1.76 | 1570.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એનટીપીસી | 2.89 | 367.50 |
| એક્સીસ બેન્ક | 1.74 | 1253.20 |
| પાવરગ્રીડ | 1.38 | 282.30 |
| ICICI બેન્ક | 1.06 | 1226.35 |
| બજાજ ફાઇનાન્સ | 0.91 | 880.90 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૧૨૪૫ |
| તેજાબી સોનું | ૧૬૧૧૫૫ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૩૧૮૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૮૦૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૧૨૪૫૦ |
| ચાંદી (૯૯) | ૨૭૪૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૫૫૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |

# સેન્સેક્સ 1 લાખની સપાટી વટાવશે?

**મોર્ગન** સ્ટેનલીની ભારતીય બજાર માટે મોટી આગાહી!

**જો ક્રૂડ** ઓઈલ $80 થી નીચે રહેશે તો શેરબજારમાં ઐતિહાસિક તેજી જોવા મળશે

**ઉભરતા** બજારોની સરખામણીમાં ભારતીય શેરબજારોનું પ્રદર્શન ખુબ જ નબળું

નવી દિલ્હી, તા. 2: વિશ્વના અન્ય ઉભરતા બજારોની સરખામણીમાં ભારતીય શેરબજારોનું પ્રદર્શન ખુબ જ નબળું રહ્યું છે. જોકે, કંપનીઓની કમાણી વૃદ્ધિમાં વધારો થયો છે અને લાંબા ગાળે વૃદ્ધિની સંભાવના મજબૂત છે. મોર્ગન સ્ટેનલીએ આ જ કહ્યું છે. મોર્ગન સ્ટનલીના વિશ્લેષકો રિધામ દેશાઈ અને નયંત પારેખે ભારતીય બજારો વિશે ઘણી મહત્વપુર્ણ બાબતો કહી છે.

મોર્ગન સ્ટનલીના વિશ્લેષકો કહે છે કે ભારતમાં ડાયરેક્ટ એઆઇ લગતી થીમ્સ અભાવ છે. જ્યારે વિશ્વભરના રોકાણકારો એઆઇ ઈન્ફ્રાસ્ટ્રકચર, સેમિકન્ડકટર અને ટેકનોલોજી શેરોમાં રોકાણ કરવામાં વધુ રસ દાખવી રહ્યા છે ત્યારે રોકાણકારોના સેન્ટિમેન્ટ પર આની અસર પડી છે. તેમણે પોતાના રિપોર્ટ કહ્યું છે કે, ડાયરેકટ એઆઇ થીમ્સનો અભાવ આ સમયે ભારતીય શેરબજારો માટે સૌથી મોટો પડકાર છે.

બ્રોકરેજ ફર્મે પોતાના રિપોર્ટમાં એઆઈની અસર વિશે પણ જણાવ્યું છે. તેમણે કહ્યું હતું કે, એનાથી ભારતની સેવાઓની નિકાસ પર મોટી અસર પડી શકે છે, ખાસ કરીને આઈટી આઉટસોર્સિંગ ક્ષેત્ર પર. આ ક્ષેત્ર વિશ્વમાં ટેક્નોલોજી પરના ચક્રીય ખર્ચ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. જો કે, મોર્ગન સ્ટેનલીનું માનવું છે કે એઆઈની વધેલી ઉત્પાદકતાથી ભારતને સૌથી વધુ લાભ મળી શકે છે. મોર્ગન સ્ટેનલીનું કહેવું છે કે ભારતીય બજારનું પ્રદર્શન નબળું હોવા છતાં હવે ઘણી બાબતો ભારતીય બજારની તરફેણમાં જતી હોય તેવું લાગી રહ્યું છે. રોલિંગ કોર્પોરેટ બાયબેક્સ 12 મહિનામાં રેકોર્ડ ઊંચી સપાટી તરફ આગળ વધી રહ્યા છે. તે ટૂંક સમયમાં 10 અબજ ડોલરની ટ્રેઈલિંગ રકમને પાર કરી શકે છે. શેરના વેલ્યુએશનમાં પણ ઘટાડો થયો છે. એમએસસીઆઈ ઈન્ડિયા હાલમાં પ્રાઈસ-ટુ-બુક મલ્ટિપલ કરતા 3.4 ગણા ટ્રેડ કરી રહી છે. વેલ્યુએશનનું આ સ્તર સૂચવે છે કે 10 વર્ષનું ફોરવર્ડ વાર્ષિક વળતર લગભગ 11 ટકા હોઈ શકે છે.

બ્રોકરેજ ફર્મ પણ અપેક્ષા રાખે છે કે આગામી બે વર્ષમાં કમાણી વૃદ્ધિ ઝડપથી વધશે. તેમનું માનવું છે કે કમાણી વૃદ્ધિ નાણાકીય વર્ષ 26માં 10 ટકાથી વધીને નાણાકીય વર્ષ 28માં 22 ટકા થઈ શકે છે. સ્થાનિક રોકાણની પ્રવૃત્તિ અને ક્ષેત્રીય વિસ્તરણ આમાં મોટી ભૂમિકા ભજવશે. જોકે, તેમનું માનવું છે કે પશ્ચિમ એશિયામાં ભૌગોલિક રાજકીય તણાવ ભારતની સંભાવનાઓ સામે પડકાર ઉભો કરી શકે છે.

મોર્ગન સ્ટેનલીએ રિપોર્ટમાં કહ્યું છે કે જો ક્રુડ ઓઈલની કિંમત 80 ડોલર પ્રતિ બેરલથી નીચે આવે છે અને નાણાકીય વર્ષ 2026 અને નાણાકીય વર્ષ 29 વચ્ચે કોર્પોરેટ કમાણીનો સીએજીઆર 19 ટકા રહે છે, તો સેન્સેક્સ એક લાખ પોઈન્ટ સુધી પહોંચવાની 25 ટકા સંભાવના છે. જો ક્રુડ 120 ડોલરની ઉપર રહે તો સેન્સેક્સ ઘટીને 66000 સુધી પહોંચવાની 25 ટકા સંભાવના છે.

# આઈટી શેરમાં હજુય 10થી 20 ટકા તેજીની સંભાવના રહેશે

**પ્રાઇવેટ** બેન્કના શેરોમાં પણ ઉછાળા માટે તૈયાર થઇ રહ્યા છે

મુંબઈ, તા. 2: ભારતીય શેરબજારમાં આજે પણ તેજીનો દોર જોવાયો હતો. આઈટી સેકટરમાં તેજીનો માહોલ શરૂ થયો છે. કવાર્ટરલી પરિણામોની મોસમ ચાલી રહી છે. કંપનીઓના પરિણામો અપેક્ષાની આજુબાજુના જોવાઈ રહ્યા છે. જેમાં આઈટી શેરોને મજબૂત પક્કડ જમાવવાનું શરૂ કર્યુ છે. જેમાં એઆઈ થીમ બાદ શેરબજારમાં આઈટી શેરોમાં મોટો કડાકો આવ્યો હતો, પરંતુ હવે ફરીથી આઈટી શેરોને ફરીથી તેજી શરૂ થઈ છે.

છેલ્લા બે-ત્રણ વર્ષમાં સામે આવી છે, શરૂઆતમાં તેની અપેક્ષા નહોતી, પરંતુ તેમાં અચાનક વધારો થયો છે. નવીનતમ ડેટા બતાવે છે કે, યુએસમાં ડેટા સેન્ટર કેપેક્સ બાકીના ઈન્ફ્રાસ્ટ્રકચર કેપેક્સથી ઘણું ઉપર ગયું છે. આ પહેલીવાર બન્યું છે.

એફઆઈઆઈનું વેચાણ તેના ટોચના સ્તરે પહોંચી ગયું છે. અહીંથી આ વેચાણ મહત્તમ 2થી 4 અબજ ડોલર સુધી થઈ શકે છે. હવે એફઆઈઆઈનું વેચાણ વધુ વધવાની અપેક્ષા નથી. ઘણું રૂપિયાની સ્થિતિ પર નિર્ભર રહેશે. જોકે રૂપિયો 95-96 પ્રતિ ડોલરની આસપાસ સ્થિર રહેશે. તો એફાઈઆન વેચાણનો તબક્કો પણ બંધ થઈ જશે. જો એફઆઈઆઈના વેચાણની ગતિ ઓછી હોય અને એઆઈ બબલ લોકોનું ધ્યાન ભટકાવે છે. તો વિદેશી રોકાણકારોનું વલણ ભારત જેવા દેશો પ્રત્યે સકારાત્મક બનશે. ભારતમાં 10 વર્ષમાં પ્રથમ વખત નજીવી વૃદ્ધિ ઉંચી રહેવાની છે. જો આપણે કોવિડ રીકવરીના થોડા વર્ષો છોડી દઈએ, તો 12થી 13 નજીવી વૃદ્ધિની દ્રશ્યતા દેખાશે.